# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૪ તા.૩૦-૧૦-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે શાળાઓમાં 'દિવાળી વેકેશન' નિયત કરવા બાબત.

**ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૧૨૨૧૫-૩૦૩ તા. ૨૮-૧૦-૨૦૨૧**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજયની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વેકેશનની એક સરખી તારીખ રહે તે હેતુંથી દર વર્ષે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર મુજબ પ્રાથમિક શાળાઓમાં દિવાળી વેકેશન તા.૧-૧૧-૨૦૨૧ થી તા.૨૧-૧૧-૨૦૨૧ સુધી દિન-૨૧નું નિયત કરવામાં આવે છે. જેની જાણ વિદ્યાર્થીઓ અને વાલીઓને કરવાની રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૩૦-૧૦-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃ:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૧૨૨૧૫-૩૦૩
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૮/૧૦/૨૦૨૧

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે શાળાઓમાં "દિવાળી વેકેશન" નિયત કરવા બાબત.
**સંદર્ભઃ-** (૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંકઃ-મઉમશબ /સંશોધન/૨૦૨૧/૪૩૪૧-૮૪, તા.૦૮/૦૯/૨૦૨૧
(૨) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- જીસીઇઆરટી/૨૦૨૧/૨૫૯૯૬-૯૭ તા.૨૯/૦૯/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વેકેશનની તારીખો એક સરખી રહે તે મુજબ દર વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં દર્શાવેલ તારીખ મુજબ રાજ્યમાં આવેલ પ્રાથમિક શાળાઓ માટે **દિવાળી વેકેશન તા. ૧/૧૧/૨૦૨૧ થી તા.૨૧/૧૧/૨૦૨૧ સુધી કુલ- ૨૧ દિવસનું નિયત કરવામાં આવે છે.**

સંદર્ભ-૨ અન્વયે મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન MoE, નવી દિલ્હી CBSE અને નવી દિલ્હી NCERT ના સંકલનમાં વર્ષ ૨૦૨૧ માં નેશનલ એચિવમેન્ટ સર્વે (NAS) તારીખ ૧૨ નવેમ્બર ૨૦૨૧ ના રોજ સમગ્ર રાષ્ટ્રમાં એક જ સાથે હાથ ધરવાનું આયોજન થયેલ છે. NAS માં પસંદ થયેલ શાળાઓને સર્વેની કામગીરીમાં સહકાર આપવાનો થાય છે. જેથી સેમ્પલમાં પસંદ થયેલી શાળાઓ ચાલુ રાખવાની હોઇ તે બાબતની અલાયદી સુચનાઓ અલગથી આપવામાં આવશે.

ઉક્ત બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ સંકલનમાં રહીને સુચવ્યા મુજબ વેકેશનની તારીખો જાહેર કરવાની રહેશે. જેથી પ્રાથમિક/માધ્યમિક બંને શાળાઓના બાળકોના વેકેશનની તારીખ એક જ સરખી રહી શકે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ આ પત્રની જાણ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર અધ્યાપન મંદિરો, બાલ અધ્યાપન મંદિરો, પ્રાયોગિક શાળાઓ તેમજ આપના તાબા હેઠળની તમામ શાળાઓને કરવાની રહેશે.

(ડૉ. એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ,**
- નાયબ સચિવશ્રી, (પ્રા.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સ્ટેટ નોડલ ઓફિસર (SNO), ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર-૧૨ ગાંધીનગર

Scanned by CamScanner